media release

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટન, ફોરિન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મિશન્સ જર્મનીમાં આગળ વધારે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (04 ઑક્ટોબર 2019) – આવતા સપ્તાહમાં મેયર પૅટ્રિક બ્રાઉન અને રીજનલ કાઉન્સિલર પૅટ ફોર્ટિની બ્રૅમ્પટનનો ફોરિન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) એટલેકે પ્રત્યક્ષ વિદેશી રોકાણનો પ્રવાસ દરિયાપાર અનુગા ફૂડ ફેરમાં હાજરી આપવા માટે જર્મનીમાં કોલોન ખાતે લઈ જશે.

7,500 પ્રદર્શકો અને 1,65,000 વૈશ્વિક મુલાકાતીઓ સાથે અનુગા દુનિયાનો સૌથી વિશાળ વૈશ્વિક ફૂડ એન્ડ બેવરેજ શો છે. બ્રૅમ્પટન પાસે વિશાળ વૈવિધ્યસભર ઉદ્યોગો છે અને એનુગા બ્રૅમ્પટનને શહેરનાં ફૂડ અને બેવરેજ સેક્ટરમાં વધુ નિવેશની તકો પૂરી પાડે છે, જે હાલમાં 8,500 લોકોને લગભગ 300 કંપનીઓમાં રોજગાર રળી આપે છે. બ્રૅમ્પટનના ફૂડ એન્ડ બેવરેજ સેક્ટરનાં ટોચના રોજગારદાતાઓમાં લોબલૉઝ (Loblaws), મેપલ લૉજ ફાર્મ્સ (Maple Lodge Farms) અને ઈટાલપાસ્તા (Italpasta)નો સમાવેશ થાય છે. ઉપરાંત, મહત્ત્વના નિયોક્તાઓ જેમકે કોકાકોલા બોટલિંગનાં કારખાના બ્રૅમ્પટનમાં સ્થિત છે. આ બધી કંપનીઓએ પોતાની હાજરી વ્યુહાત્મક રીતે બ્રૅમ્પટનમાં રાખી છે જેથી તેઓને શહેરની પ્રતિભા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બજારોની પહોંચનો ફાયદો થઈ શકે.

ગત મહિને, સિટી ઓફ બ્રૅમ્પટન દ્વારા બોસ્ટન ખાતે મેડટેક કોન્ફરન્સમાં FDI સ્ટ્રેટેજી ઈન્વેસ્ટમેન્ટ મિશન્સનો પ્રારંભ કરવામાં આવ્યો. શહેરના પ્રતિનિધિઓ ડઝનબંધ વૈશ્વિક બિઝનેસ અગ્રણીઓને કોન્ફરન્સમાં મળ્યા હતાં અને જે પેઢીઓને કૅનેડામાં પાંખો પસારવામાં રસ હતો તેઓ સાથે કોર્પોરેટ કૉલ પ્રોગ્રામ હાથ ધર્યો હતો.

FDI સ્ટ્રેટેજી એટલે શહેરના ઈકોનોમિક ડેવેલપમેન્ટ પ્લાન (EDMP) અને 2040 વિઝનનાં લક્ષ્યોને હાંસલ કરવા માટેનો મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. વિશિષ્ટપણે, FDI સપ્લાય ચેઈનની ખાલી જગ્યાઓ ભરી દેશે, ટેક્સ બેઝમાં વિવિધતા આણશે, આર્થિક વિકાસને પ્રોત્સાહિત કરશે અને વૈશ્વિક સ્તરે બ્રૅમ્પટનની પ્રોફાઈલને વેપાર કરવા માટેનાં એક સ્પર્ધાત્મક સ્થળ તરીકે ઊંચી લઈ જશે. ફોરિન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ નવું નિવેશ અને નોકરીઓને શહેરમાં આકર્ષી શકશે, જેને કારણે તમામ બ્રૅમ્પટનવાસીઓને લાભ થશે.

**અવતરણો**

"મને કોઈ શંકા નથી કે અમે કરેલ મોઢેમોઢની બેઠકો અને ચર્ચાઓ અને બોસ્ટન ખાતે અમે સ્થાપેલ સંપર્કો અમને બ્રૅમ્પટનમાં ફોરિન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ લઈ આવવામાં ચોક્કસ જ લાભદાયી નીવડશે. અમે સ્થાપેલ એક એક સંપર્કને અમે ગાઢ બનાવીશું જેથી સંબંધો આકાર લે અને આપણા મહાન શહેર ફરતે રોમાંચક રોકાણની તકો વિશે ચર્ચા કરી શકાય. અમે દુનિયાને સ્પેષ્ટપણે જણાવવાની કોશિશમાં છીએ કે બ્રૅમ્પટન વેપાર વિશે બિલકુલ ગંભીર છે અને તે પણ અત્યારે જ."

- મેયર પેટ્ર્િક બ્રાઉન (*Mayor Patrick Brown)*

"જર્મનીમાં આકાર લઈ રહેલ તકનો ફાયદો લેવા અમે ઉત્સુક છીએ જેથી સંભવિત રોકાણકારો સામે અનેક કારણો પ્રસ્તુત કરી શકાય કે બ્રૅમ્પટન તેઓ માટે એક જબરદસ્ત ગંતવ્ય સ્થાન કેવી રીતે પુરવાર થઈ શકે. અમે તેઓ સાથે આપણા યુવાન, પ્રતિભાશાળી વૈવિધ્યસભર કાર્યબળ તેમજ આપણે કેવા મોકાના સ્થળે છીએ તે વિશે વાત કરીશું. આપણે કૅનેડાના સૌથી વિશાળ વિમાનતળની પાસે છીએ અને બધા હાઈવે આપણે માટે સુગમ છે તેમજ બ્રૅમ્પટનનું ઈન્ટરમોડલ રેલ ટર્મિનલ કૅનેડામાં સૌથી મોટું છે. આપણી પાસે ફોરિન રોકાણકારોને ફૂડ એન્ડ બેવરેજ ઉત્પાદન ક્ષેત્રમાં કેટલી બધી ઓફર કરવા યોગ્ય બાબતો છે અને અમે તેઓને આપણા મહાન શહેર વિશે તે તમામ બાબતો જણાવવા ઉત્સુક છીએ."

- *રીજનલ કાઉન્સિલર ગુરપ્રીત એસ ધિલ્લોન, ઈકોનોમિક ડેવેલપમેન્ટ સમિતિના પ્રમુખ*

“દરેક FDI મિશન સાથે સાથે અમે નવા નવા સંપર્કો સ્થાપી રહ્યા છીએ અને બ્રૅમ્પટનનાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો અંગે આખા વિશ્વનાં બિઝનેસ અગ્રણીઓ સાથે સંબંધો બનાવી રહ્યા છીએ. આ તે જ સંબંધો છે જેની આપણા કર્મચારીગણ ઊંડાણપૂર્વક દેખરેખ રાખશે જે આપણા શહેરમાં સમય જતાં ફોરિન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટને દોરી લાવશે."

- *ક્લેર બાર્નેટ, ડાયરેક્ટર, બ્રૅમ્પટન ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતા પ્રવાસનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagram પર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

brampton.ca BRAMPTON Flower City

media release